 ISSN: 2349-6002

# મધ્યકાલીન ભારતમાં સ્ત્રીઓની રૂઢિગત તથા કાનૂની સ્થિતિ

વાજા જય જી.

*સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, પાલીતાણા, ભાવનગર, ગુજરાત*

*doi.org/10.64643/IJIRTV12I8-191226-459*

**વિસ્તૃત સારાંશ:-**મધ્યકાલીન ભારતનો સમયગાળો ભારતીય ઇતિહાસમાં ઊંડા સામાજિક, ધાર્મિક અને રાજકીય પરિવર્તનોનો યુગ રહ્યો છે. આ સમય દરમિયાન ભારતીય સમાજની રચનામાં જે ફેરફારો થયા, તેની સીધી અને વ્યાપક અસર સ્ત્રીઓના જીવન અને સ્થિતિ પર પડી. સ્ત્રીઓની ભૂમિકા માત્ર કુટુંબની આંતરિક વ્યવસ્થા સુધી સીમિત રહી નથી, પરંતુ તે સમાજ, ધર્મ, કાયદા અને અર્થવ્યવસ્થાની વિશાળ પરિધિમાં ગોઠવાઈ હતી. આ સંશોધન પેપર મધ્યકાલીન ભારતમાં સ્ત્રીઓની સ્થિતિનું ઐતિહાસિક, સામાજિક અને કાનૂની પરિપ્રેક્ષ્યમાં ગહન વિશ્લેષણ કરે છે.

અભ્યાસ દર્શાવે છે કે મધ્યકાલીન સમાજ મુખ્યત્વે પિતૃસત્તાક માળખા પર આધારિત હતો, જેમાં સ્ત્રીનું જીવન પિતા, પતિ અને પુત્રના નિયંત્રણ હેઠળ નિર્ધારિત થતું હતું. લગ્ન, વિધવાપણું, શિક્ષણ અને સંપત્તિ અધિકાર જેવા ક્ષેત્રોમાં સ્ત્રીઓ માટે ગંભીર મર્યાદાઓ જોવા મળે છે. બાળલગ્ન, વિધવાઓ પ્રત્યેની કઠોર સામાજિક માનસિકતા અને સતી જેવી પ્રથાઓ સ્ત્રીના જીવનમાં દમન અને અસમાનતાના પ્રતીક બની. છતાં, આ સમયગાળાની સ્ત્રીઓને માત્ર નિષ્ક્રિય પીડિત તરીકે જોવું ઐતિહાસિક રીતે અધૂરું છે.

આ પેપર દર્શાવે છે કે સ્ત્રીઓએ મધ્યકાલીન સમાજમાં આર્થિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. કૃષિ, હસ્તકલા અને ઘરઉદ્યોગમાં તેમનો શ્રમ અનિવાર્ય હતો, ભલે તેને સામાજિક માન્યતા ન મળી હોય. ખાસ કરીને ભક્તિ આંદોલન દ્વારા સ્ત્રીઓને આત્મિક અને બૌદ્ધિક અભિવ્યક્તિ માટે નવું અવકાશ પ્રાપ્ત થયું. મીરાબાઈ, અક્કા મહાદેવી, લલ્લેશ્વરી જેવી સ્ત્રી સંતોએ ધાર્મિક પરંપરાઓને માનવીય ભાવના સાથે જોડીને સ્ત્રી ચેતનાને અવાજ આપ્યો.

આ અભ્યાસ હિંદુ સ્મૃતિગ્રંથો અને ઇસ્લામિક શરિયત કાયદાના સંદર્ભમાં સ્ત્રીઓની કાનૂની સ્થિતિનું તુલનાત્મક મૂલ્યાંકન પણ કરે છે. કાયદાકીય સ્તરે કેટલીક સુરક્ષા હોવા છતાં, સામાજિક પરંપરાઓએ ઘણીવાર આ અધિકારોને સીમિત કર્યા. આ સંશોધન પેપરનો મુખ્ય ઉદ્દેશ મધ્યકાલીન ભારતમાં સ્ત્રીઓની સ્થિતિને એકપક્ષીય દૃષ્ટિથી નહીં પરંતુ તેની જટિલતા, વિરોધાભાસ અને માનવીય અનુભવોના પરિપ્રેક્ષ્યમાં સમજવાનો છે.

## 1. પરિચય

સ્ત્રીઓની સ્થિતિ કોઈપણ સમાજની નૈતિકતા, સંસ્કૃતિ અને કાનૂની વિકાસનું પ્રતિબિંબ હોય છે. મધ્યકાલીન ભારતના ઇતિહાસમાં સ્ત્રીઓની સ્થિતિનું અધ્યયન કરવું એ માત્ર સામાજિક ઇતિહાસનું અભ્યાસ નથી, પરંતુ તે સમયના ધાર્મિક વિચારો, રાજકીય સત્તા અને સામાજિક

 ISSN: 2349-6002

માળખાને સમજવાનો પ્રયાસ છે.

પ્રાચીન ભારતની તુલનામાં મધ્યકાલીન ભારતમાં સ્ત્રીઓની સ્વતંત્રતા વધુ સંકુચિત બની. આ માટે ઘણા કારણો જવાબદાર હતા—વિદેશી આક્રમણો, રાજકીય અસ્થિરતા, પિતૃસત્તાક વિચારધારાનું મજબૂત થવું, અને ધાર્મિક નિયમોની કડક વ્યાખ્યાઓ. ખાસ કરીને, ઇસ્લામિક શાસનના આગમન પછી ભારતીય સમાજમાં નવી સામાજિક અને કાનૂની પ્રથાઓ પ્રવેશી, જેના કારણે સ્ત્રીઓની સ્થિતિમાં પ્રાદેશિક અને ધાર્મિક તફાવતો ઊભા થયા.

હિંદુ સમાજમાં સ્મૃતિઓ અને સ્થાનિક પરંપરાઓ સ્ત્રીઓના જીવનને નિયંત્રિત કરતી હતી, જ્યારે મુસ્લિમ સમાજમાં શરિયત કાયદા અનુસાર સ્ત્રીઓના અધિકારો અને ફરજો નક્કી થતી હતી. જોકે, બંને સમાજોમાં સ્ત્રીઓની સ્થિતિ સંપૂર્ણપણે દયનીય હતી એવું કહેવું એકપક્ષીય દૃષ્ટિકોણ ગણાય. મધ્યકાલીન સમયમાં કેટલીક સ્ત્રીઓ શાસક, કવિ, સંત અને વિદ્વાન તરીકે પણ ઉભરી આવી હતી.

## 2. સંશોધન પદ્ધતિ

આ સંશોધન પત્રમાં ઐતિહાસિક પદ્ધતિ (Historical Method) અપનાવવામાં આવી છે. પ્રાથમિક સ્ત્રોતોમાં શાસ્ત્રો, સ્મૃતિગ્રંથો, શિલાલેખો, ફારસી ઇતિહાસગ્રંથો, તથા પ્રવાસી વર્ણનોનો સમાવેશ થાય છે. દ્વિતીય સ્ત્રોત તરીકે આધુનિક ઇતિહાસકારો, સમાજશાસ્ત્રીઓ અને લિંગ અભ્યાસકર્તાઓના ગ્રંથો અને સંશોધન લેખોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વિશ્લેષણાત્મક અને તુલનાત્મક અભિગમ દ્વારા વિષયની ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી છે.

## 3. સંશોધનના ઉદ્દેશો:-

આ સંશોધન પત્રના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે:

(1) મધ્યકાલીન ભારતમાં સ્ત્રીઓની સામાજિક અને કાનૂની સ્થિતિનું વિશ્લેષણ કરવું
(2) હિંદુ અને મુસ્લિમ સમાજમાં પ્રચલિત રૂઢિગત પરંપરાઓનો અભ્યાસ કરવો
(3) કાનૂની ગ્રંથો અને વ્યવહારિક કાયદાઓમાં સ્ત્રીઓના અધિકારોનું મૂલ્યાંકન કરવું
(4) સ્ત્રીઓની સ્થિતિમાં પ્રાદેશિક અને ધાર્મિક ભિન્નતાઓ સમજવી

## 4. સંશોધન પ્રશ્નો

1. મધ્યકાલીન ભારતમાં સ્ત્રીઓની રૂઢિગત સ્થિતિ કેવી હતી?
2. હિંદુ અને ઇસ્લામિક કાયદાઓમાં સ્ત્રીઓના અધિકારોમાં શું તફાવત હતો?
3. કઈ સામાજિક અને રાજકીય પરિસ્થિતિઓએ સ્ત્રીઓની સ્થિતિને પ્રભાવિત કરી?
4. ભક્તિ અને સુફી આંદોલનો સ્ત્રીઓ માટે કેટલા સશક્તિકારક સાબિત થયા?

## 5. મધ્યકાલીન ભારત : ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

મધ્યકાલીન ભારતનો સમયગાળો રાજકીય અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ અત્યંત વૈવિધ્યસભર રહ્યો છે. ગુપ્ત સામ્રાજ્યના પતન પછી ભારત અનેક નાના રાજ્યોમાં વિભાજિત થયું. ત્યારબાદ દિલ્હી સુલતાનત અને મુઘલ સામ્રાજ્યના આગમનથી ભારતીય સમાજમાં નવી શાસકીય અને કાનૂની વ્યવસ્થાઓ પ્રવેશી.

પિતૃસત્તાક વ્યવસ્થા આ સમયગાળામાં વધુ મજબૂત

 ISSN: 2349-6002

બની. પરિવાર અને સમાજમાં પુરુષને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યો, જ્યારે સ્ત્રીને મુખ્યત્વે ગૃહજીવન સુધી મર્યાદિત કરવામાં આવી. તેમ છતાં, આ એકતરફી ચિત્ર નથી. અનેક સ્ત્રીઓ રાજકીય, ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં સક્રિય પણ રહી.

## 6. રૂઢિગત સ્થિતિનો અર્થ અને મહત્વ

'રૂઢિ' એટલે સમાજમાં લાંબા સમયથી ચાલતી આવતી પરંપરાઓ, માન્યતાઓ અને વ્યવહાર. મધ્યકાલીન ભારતમાં સ્ત્રીઓની સ્થિતિને સમજવા માટે કાયદા જેટલું જ મહત્વ રૂઢિઓનું પણ છે, કારણ કે મોટા ભાગે સ્ત્રીઓનું દૈનિક જીવન કાયદાથી નહીં પરંતુ સમાજે સ્વીકારેલી પરંપરાઓથી નિયંત્રિત થતું હતું.

હકીકતમાં એવું કહેવું ખોટું નહીં થાય કે ઘણી વખત કાયદા કરતાં પણ રૂઢિઓ વધુ શક્તિશાળી બની ગઈ હતી. કાયદા સ્ત્રીઓને અમુક અધિકારો આપતા હતા, પરંતુ રૂઢિઓએ આ અધિકારોને મર્યાદિત કે નિષ્ક્રિય બનાવી દીધા.

## 7. મધ્યકાલીન ભારતમાં સ્ત્રીઓની રૂઢિગત સ્થિતિ

મધ્યકાલીન ભારતની સ્ત્રીઓની સ્થિતિને સમજવા માટે રૂઢિગત પરંપરાઓનું વિશ્લેષણ અનિવાર્ય છે. આ સમયગાળામાં સમાજ પર ધાર્મિક ગ્રંથો જેટલો જ પ્રભાવ સ્થાનિક રિવાજો, જાતિ-વ્યવસ્થા, કુટુંબ માળખું અને રાજકીય અસ્થિરતાનો રહ્યો. રૂઢિઓ લખિત કાયદા કરતાં વધુ પ્રભાવશાળી બની અને સ્ત્રીઓનું દૈનિક જીવન મોટા ભાગે આ પરંપરાઓ દ્વારા નિયંત્રિત થયું.

રૂઢિગત પ્રથાઓ પ્રદેશ, ધર્મ અને વર્ગ અનુસાર અલગ-અલગ સ્વરૂપ ધરાવતી હતી. હિંદુ સમાજમાં સ્મૃતિઓ અને પરંપરાઓનું સંયોજન જોવા મળે છે, જ્યારે મુસ્લિમ સમાજમાં શરિયત સાથે સ્થાનિક ભારતીય પ્રથાઓ ભળી ગઈ હતી. પરિણામે, સ્ત્રીઓની સ્થિતિ એકરૂપ નહીં પરંતુ બહુવિધ અને વિભાજિત હતી.

હકીકતમાં એવું કહેવું ખોટું નહીં થાય કે ઘણી વખત કાયદા કરતાં પણ રૂઢિઓ વધુ શક્તિશાળી બની ગઈ હતી. કાયદા સ્ત્રીઓને અમુક અધિકારો આપતા હતા, પરંતુ રૂઢિઓએ આ અધિકારોને મર્યાદિત કે નિષ્ક્રિય બનાવી દીધા.

## 8. હિંદુ સ્ત્રીઓની રૂઢિગત સ્થિતિ

મધ્યકાલીન હિંદુ સમાજ પિતૃસત્તાક આધાર પર રચાયેલો હતો. કુટુંબની કેન્દ્રિય સત્તા પુરુષ પાસે હતી અને સ્ત્રીને પિતા, પતિ અથવા પુત્રના આધિન માનવામાં આવતી. સ્ત્રીનું મુખ્ય કાર્ય ગૃહકાર્ય, સંતાન ઉત્પાદન અને કુટુંબની પરંપરાઓ જાળવવાનું ગણાતું.

સ્ત્રીઓની વ્યક્તિગત ઓળખ મોટા ભાગે કુટુંબની ઓળખમાં વિલીન થઈ જતી હતી. લગ્ન પછી સ્ત્રી પતિના કુટુંબનો અવિભાજ્ય ભાગ બની જતી અને પોતાના પિતૃકુટુંબ સાથેનો સંબંધ ધીમે ધીમે નબળો પડતો.

### 8.1 લગ્ન પ્રથાઓ:-

મધ્યકાલીન હિંદુ સમાજમાં લગ્નને ધાર્મિક સંસ્કાર તરીકે જોવામાં આવતો. લગ્ન સ્ત્રીના જીવનનું સૌથી મહત્વપૂર્ણ પરિવર્તન માનવામાં આવતું અને તેની સામાજિક સુરક્ષા લગ્ન પર આધારિત હતી.

#### 8.1.1 બાળલગ્ન:-

આ સમયગાળામાં બાળલગ્ન વ્યાપક પ્રમાણમાં પ્રચલિત થયું. અસુરક્ષિત રાજકીય પરિસ્થિતિ, જાતિગૌરવ અને કુટુંબની પ્રતિષ્ઠા જાળવવાના હેતુથી બાળલગ્નને પ્રોત્સાહન મળ્યું. બાળલગ્નના પરિણામે સ્ત્રીઓ શિક્ષણથી

 ISSN: 2349-6002

વંચિત રહી અને તેમનું શારીરિક તથા માનસિક વિકાસ અવરોધિત થયો.

8.1.2 બહુવિવાહ:-
ઉચ્ચ વર્ગ અને શાસક વર્ગમાં બહુવિવાહ સામાન્ય હતો. આ પ્રથાએ સ્ત્રીઓ વચ્ચે અસમાનતા અને સ્પર્ધા ઊભી કરી, જ્યારે પુરુષને સામાજિક સત્તા અને પ્રતિષ્ઠા આપતી રહી.

8.2 વિધવાપણું અને વિધવા જીવન:-
વિધવાપણું મધ્યકાલીન હિંદુ સ્ત્રીઓ માટે અત્યંત કઠોર અવસ્થા હતી. વિધવાઓને ફરી લગ્ન કરવાની સામાન્ય રીતે મંજૂરી નહોતી. તેઓને સંયમિત જીવન જીવવું પડતું, સાદા વસ્ત્રો પહેરવા પડતા અને સામાજિક ઉત્સવોમાંથી દૂર રાખવામાં આવતી.

વિધવાપણું સ્ત્રીના જીવનમાં સામાજિક મૃત્યુ સમાન હતું. આ પ્રથાએ સ્ત્રીઓને માનસિક અને આર્થિક રીતે નબળી બનાવી.

9. સતી પ્રથા: રૂઢિ, વિચારધારા અને વાસ્તવિક્તા

સતી પ્રથા મધ્યકાલીન ભારતીય સમાજની સૌથી વિવાદાસ્પદ રૂઢિઓમાંની એક હતી. જોકે દરેક સમાજમાં આ પ્રથા સામાન્ય નહોતી, પરંતુ રાજપૂત અને ઉચ્ચ વર્ગોમાં તેને “સ્ત્રીની મહાનતા” તરીકે દર્શાવવામાં આવી હતી.

9.1 સતી પ્રથાના કારણો:-

- પિતૃસત્તાક વિચારધારા
- સ્ત્રીની પવિત્રતા અને પતિ પ્રત્યે પૂર્ણ સમર્પણની કલ્પના
- કુટુંબની પ્રતિષ્ઠા અને સંપત્તિની સુરક્ષા
- સામાજિક દબાણ અને ધાર્મિક માન્યતાઓ

સતી પ્રથા હંમેશા સ્વૈચ્છિક હતી એવું કહેવું ઐતિહાસિક રીતે યોગ્ય નથી. ઘણી વખત સ્ત્રીઓને માનસિક, સામાજિક અથવા બળજબરીથી સતી થવા મજબૂર કરવામાં આવતી હતી.

9.2 પ્રાદેશિક સ્વરૂપ:-
સતી ખાસ કરીને રાજસ્થાન, મધ્ય ભારત અને કેટલાક ઉત્તર ભારતીય પ્રદેશોમાં વધુ જોવા મળતી. રાજપૂત સમાજમાં તેને શૌર્ય અને ગૌરવ સાથે જોડવામાં આવતી.

10. મુસ્લિમ સ્ત્રીઓની રૂઢિગત સ્થિતિ

મધ્યકાલીન ભારતમાં મુસ્લિમ સ્ત્રીઓની સ્થિતિ ઇસ્લામિક શરિયત અને સ્થાનિક ભારતીય પરંપરાઓના સંયોજનથી ઘડાઈ હતી. કાયદાકીય રીતે ઇસ્લામ સ્ત્રીઓને કેટલાક સ્પષ્ટ અધિકારો આપતો હતો, પરંતુ રૂઢિગત પ્રથાઓએ ઘણીવાર આ અધિકારોને સીમિત કર્યા.

10.1 પડદા પ્રથા:-
પડદા પ્રથા મુસ્લિમ સમાજમાં વ્યાપક બની. પડદાનો હેતુ સ્ત્રીઓને રક્ષણ આપવાનો હોવાનું માનવામાં આવતું, પરંતુ વાસ્તવમાં આ પ્રથાએ સ્ત્રીઓને જાહેર જીવનથી દૂર રાખી.
પડદા માત્ર ધાર્મિક નહીં પરંતુ સામાજિક અને વર્ગ આધારિત પ્રથા બની ગઈ. ઉચ્ચ વર્ગમાં પડદા વધુ કડક હતો, જ્યારે ગરીબ વર્ગમાં આ પ્રથા તદ્દન વ્યવહારિક રીતે અમલમાં નહોતી.

 ISSN: 2349-6002

10.2 લગ્ન અને પરિવાર:-

મુસ્લિમ સમાજમાં લગ્ન નિકાહ તરીકે ઓળખાતા અને તે એક કરાર માનવામાં આવતો. સ્ત્રીઓને મહર મળવાનો અધિકાર હતો, જે તેમને આર્થિક સુરક્ષા આપતો.

પરંતુ વ્યવહારિક જીવનમાં ઘણીવાર સ્ત્રીઓના મહર અને અન્ય અધિકારોનો યોગ્ય અમલ થતો નહોતો. બહુવિવાહ મુસ્લિમ પુરુષો માટે માન્ય હતો, જે સ્ત્રીઓની સ્થિતિને જટિલ બનાવતો.

10.3 તલાક અને સ્ત્રીઓ:-

ઇસ્લામિક કાયદામાં સ્ત્રીઓને તલાકના કેટલાક અધિકારો મળતા હતા (ખુલા, મુબારાત), પરંતુ સામાજિક દબાણ અને પુરુષપ્રધાન વ્યવસ્થાને કારણે સ્ત્રીઓ માટે આ અધિકારોનો ઉપયોગ કરવો મુશ્કેલ હતો.

11. મધ્યકાલીન ભારતમાં સ્ત્રીઓની કાનૂની સ્થિતિ

મધ્યકાલીન ભારતમાં સ્ત્રીઓની કાનૂની સ્થિતિને સમજવા માટે “કાયદો” શબ્દના અર્થને ઐતિહાસિક સંદર્ભમાં સમજવો જરૂરી છે. આ યુગમાં કાયદો આધુનિક અર્થમાં રાજ્ય દ્વારા સર્વત્ર સમાન રીતે અમલમાં આવતો નિયમસમૂહ નહોતો, પરંતુ તે મુખ્યત્વે ધાર્મિક ગ્રંથો, પરંપરાઓ અને શાસકની ન્યાયિક સત્તા પર આધારિત હતો. પરિણામે, સ્ત્રીઓની કાનૂની સ્થિતિ પ્રદેશ, ધર્મ અને સામાજિક વર્ગ અનુસાર ભિન્ન રહી.

મધ્યકાલીન ભારતમાં હિંદુઓ માટે ધર્મશાસ્ત્રો અને સ્થાનિક રિવાજો કાયદાનો આધાર હતા, જ્યારે મુસ્લિમો માટે શરિયત (ઇસ્લામિક કાયદો) અને કાઝી અદાલતો કાનૂની વ્યવસ્થાનું કેન્દ્ર હતી. જોકે, વ્યવહારિક સ્તરે બંને વ્યવસ્થાઓ પર પિતૃસત્તાક માનસિકતાનો ઊંડો પ્રભાવ હતો.

12. હિંદુ કાયદા હેઠળ સ્ત્રીઓની સ્થિતિ

**હિંદુ કાયદા હેઠળ સ્ત્રીઓની સ્થિતિમાં ઘણી બધી બાબતોનો સમાવેશ જોવા મળી આવતો હતો. તે બાબતો નીચે મુજબ જણાવવામાં આવેલ છે.**

12.1 ધર્મશાસ્ત્રો અને કાનૂની વિચારધારા:-

મધ્યકાલીન હિંદુ કાયદો મુખ્યત્વે સ્મૃતિગ્રંથો (મનુ, યાજ્ઞવલ્ક્ય, નારદ વગેરે) અને સ્થાનિક રિવાજો પર આધારિત હતો. સ્મૃતિઓ સ્ત્રીઓને સન્માન આપવાની વાત કરતી હોવા છતાં, તેમની સ્વતંત્રતાને મર્યાદિત કરતી હતી.

મનુસ્મૃતિ અનુસાર સ્ત્રીએ જીવનના દરેક તબક્કે પુરુષના આશ્રય હેઠળ રહેવું જોઈએ — બાળપણમાં પિતા, યુવાવસ્થામાં પતિ અને વૃદ્ધાવસ્થામાં પુત્ર. આ વિચારધારાએ સ્ત્રીઓને કાનૂની રીતે પરાધીન બનાવ્યા.

12.2 કાનૂની ક્ષમતા:-

મધ્યકાલીન હિંદુ કાયદામાં સ્ત્રીઓને સીમિત કાનૂની ક્ષમતા આપવામાં આવી હતી. તેઓ સ્વતંત્ર રીતે મોટાં કાનૂની કરારો કરી શકતી નહોતી. અદાલતમાં પુરુષ સંરક્ષક દ્વારા રજૂ થવું પડતું હતુ. મહિલાને સાક્ષી તરીકે તેમની વિશ્વસનીયતા ઘણીવાર ઓછી ગણાતી હતી. આ મર્યાદાઓ સ્ત્રીઓને કાનૂની ન્યાયથી દૂર રાખતી હતી.

12.3 મિલ્કત અને વારસાગત અધિકાર:-

હિંદુ કાનૂનમાં સ્ત્રીઓને મિલ્કત પર સંપૂર્ણ અધિકાર સામાન્ય રીતે મળતો નહોતો.

12.3.1 સ્ત્રીધન:-

સ્ત્રીધન સ્ત્રીની વ્યક્તિગત મિલ્કત ગણાતી હતી, જેમાં ઘણી બધી બાબતો નો સમાવેશ થતો હતો જેમાં

 ISSN: 2349-6002

લગ્ન સમયે મળેલી ભેટો સમવેશ થતો હતો, માતા-પિતા અથવા સગા-સબંધી તરફથી મળેલી મિલ્કત અને પતિ તરફથી મળેલી ભેટોનો પણ સમાવેશ થતો હતો અને સિદ્ધાંતરૂપે સ્ત્રીધન પર સ્ત્રીનો સંપૂર્ણ અધિકાર હતો, પરંતુ વ્યવહારિક જીવનમાં આ અધિકાર ઘણીવાર પતિ અથવા કુટુંબ દ્વારા નિયંત્રિત કરવામાં આવતું હતું.

12.3.2 વારસાગત સંપત્તિ:-

મધ્યકાલીન હિંદુ સમાજમાં સ્ત્રીઓને પિતૃક સંપત્તિમાં સીધો અધિકાર સામાન્ય રીતે નહોતો. વિધવાઓને "જીવનભર ભોગવટાનો અધિકાર" આપવામાં આવતો, પરંતુ સંપત્તિ પર પૂર્ણ માલિકી આપવામાં આવતી નહતી.

## 13. મુસ્લિમ કાયદા હેઠળ સ્ત્રીઓની સ્થિતિ

મધ્યકાલીન ભારતના મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓની કાનૂની સ્થિતિ શરિયત કાયદા દ્વારા નિયંત્રિત થતી હતી. સિદ્ધાંતરૂપે, ઇસ્લામ સ્ત્રીઓને અનેક સ્પષ્ટ કાનૂની અધિકારો આપે છે, જે સમયના અન્ય સમાજોની તુલનામાં પ્રગતિશીલ ગણાય.

13.1 કાનૂની વ્યક્તિ તરીકે સ્ત્રી:-

ઇસ્લામિક કાયદામાં સ્ત્રીને સ્વતંત્ર કાનૂની વ્યક્તિ માનવામાં આવે છે. સ્ત્રી પોતાની રીતે મિલ્કત રાખી શક્તિ હતી, અલગ-અલગ કરારો કરી શક્તિ હતી અને અદાલતમાં પોતાનો પક્ષ રજૂ કરી શક્તિ હતી. આ સિદ્ધાંતો હિંદુ કાયદાની તુલનામાં **મુસ્લિમ કાયદા હેઠળ** સ્ત્રીઓને વધુ કાનૂની સ્વતંત્રતા આપવામાં આવી હતી.

13.2 મહર અને આર્થિક સુરક્ષા:-

લગ્ન સમયે પતિ દ્વારા આપવામાં આવતો મહર સ્ત્રીનો કાનૂની અધિકાર હતો. મહરનો હેતુ સ્ત્રીને આર્થિક સુરક્ષા પૂરી પાડવાનો હતો, ખાસ કરીને તલાક અથવા વિધવાપણાની સ્થિતિમાં.

પરંતુ વ્યવહારિક સ્તરે ઘણીવાર મહર ચૂકવવામાં વિલંબ થતો અથવા ટાળી દેવામાં આવતો, જેના કારણે સ્ત્રીઓની સ્થિતિ નબળી બનતી.

13.3 વારસાગત અધિકાર:-

ઇસ્લામિક કાયદા હેઠળ સ્ત્રીઓને વારસામાં સ્પષ્ટ હિસ્સો આપવામાં આવ્યો હતો — પુત્રની સરખામણીમાં અડધો હિસ્સો જોવા મળી આવતો હતો.

આ નિયમ સમાનતા નહીં પરંતુ ન્યાયના સિદ્ધાંત પર આધારિત હતો, કારણ કે પુરુષ પર પરિવારની આર્થિક જવાબદારી માનવામાં આવતી હતી.

મધ્યકાલીન ભારતીય સંદર્ભમાં ઘણી મુસ્લિમ સ્ત્રીઓને પણ વારસાગત હકનો પૂરતો લાભ મળતો નહોતો, કારણ કે સ્થાનિક પરંપરાઓ અને કુટુંબ દબાણ હાવી રહેતા.

## 14. લગ્ન, તલાક અને વિધવાપણું: કાનૂની પરિપ્રેક્ષ્ય

14.1 લગ્ન:-

હિંદુ કાયદામાં લગ્ન ધાર્મિક સંસ્કાર હતો, જ્યારે મુસ્લિમ કાયદામાં લગ્ન કાનૂની કરાર (Contract) હતા. આ તફાવત સ્ત્રીઓની કાનૂની સ્થિતિ પર સીધો પ્રભાવ પાડતો હતો.

14.2 તલાક:-

હિંદુ સ્ત્રીઓને તલાકનો અધિકાર લગભગ નહોતો, જ્યારે મુસ્લિમ સ્ત્રીઓને ખુલા અને મુબારાત જેવા અધિકારો સિદ્ધાંતરૂપે પ્રાપ્ત હતા. પરંતુ સામાજિક દબાણને કારણે આ અધિકારોનો ઉપયોગ સીમિત રહ્યો.

 ISSN: 2349-6002

14.3 વિધવાપણું:-

હિંદુ વિધવાઓને ફરી લગ્ન કરવાની મર્યાદિત અથવા નકારાત્મક દૃષ્ટિ હતી, જ્યારે મુસ્લિમ વિધવાઓને પુનર્વિવાહની મંજૂરી હતી. છતાં, બંને સમાજોમાં વિધવાઓની સ્થિતિ સામાજિક રીતે નબળી રહી.

15. સ્ત્રીઓની સ્થિતિમાં પ્રાદેશિક ભિન્નતાઓ:-

મધ્યકાલીન ભારત કોઈ એકરૂપ સામાજિક એકમ નહોતું. રાજકીય વિખંડન, વિવિધ શાસન પદ્ધતિઓ, ધાર્મિક પરંપરાઓ અને આર્થિક માળખાને કારણે સ્ત્રીઓની સ્થિતિ પ્રદેશ પ્રમાણે નોંધપાત્ર રીતે ભિન્ન રહી. તેથી, સ્ત્રીઓની સ્થિતિનું મૂલ્યાંકન કરતાં સમગ્ર ભારતને એક જ માપદંડથી જોવું ઐતિહાસિક રીતે યોગ્ય નથી.

15.1 ઉત્તર ભારત:-

ઉત્તર ભારતમાં સતત આક્રમણો, રાજકીય અસ્થિરતા અને યુદ્ધ પરિસ્થિતિને કારણે સ્ત્રીઓની સુરક્ષા એક મોટો સામાજિક પ્રશ્ન બની. તેના  પરિણામે પડદા પ્રથા વધુ કડક બની હતી, બાળલગ્ન અને સતી પ્રથા વધુ પ્રમાણમાં જોવા મલતૂ હતું અને સ્ત્રીઓનું જાહેર જીવનમાં સ્થાન લગભગ નાબૂદ થઈ ગયું હતું.

રાજપૂત સમાજમાં સ્ત્રીઓને કુટુંબની ઇજ્જતના પ્રતિક તરીકે જોવામાં આવતી, જેના કારણે જૌહર અને સતી જેવી કઠોર પરંપરાઓ વિકસિત થઈ હતી.

15.2 દક્ષિણ ભારત:-

દક્ષિણ ભારતમાં સ્ત્રીઓની સ્થિતિ ઉત્તર ભારતની તુલનામાં પ્રમાણમાં સારી હતી. કેટલાક પ્રદેશોમાં સ્ત્રીઓને મિલ્કત અધિકાર મળતો હતો, દેવદાસી પ્રથા દ્વારા સ્ત્રીઓ ધાર્મિક અને સાંસ્કૃતિક જીવનમાં સક્રિય હતી (જોકે આ પ્રથા શોષણથી મુક્ત નહોતી) અને ભક્તિ આંદોલનનો પ્રભાવ વધુ સશક્ત રહ્યો હતો. જેમાં તામિલનાડુ, કેરળ અને કર્ણાટક જેવા પ્રદેશોમાં સ્ત્રીઓનું સામાજિક સ્થાન વધુ લવચીક હતું.

15.3 પશ્ચિમ ભારત:-

ગુજરાત અને રાજસ્થાનમાં સ્ત્રીઓની સ્થિતિ બે વિરોધી સ્વરૂપ ધરાવતી હતી. વેપારી સમાજોમાં સ્ત્રીઓ આર્થિક રીતે સક્રિય જોવા મળી આવતી હતી, રાજપૂત સમાજમાં સતી અને પડદા પ્રથા અત્યંત કડક હતી.

આથી, વર્ગ અને જાતિ સ્ત્રીઓની સ્થિતિ નક્કી કરતી મુખ્ય પરિબળ બન્યું હતું.

15.4 પૂર્વ ભારત:-

બંગાળ અને ઓડિશામાં સ્ત્રીઓ ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતી હતી. વૈષ્ણવ ભક્તિ આંદોલને સ્ત્રીઓને આધ્યાત્મિક અવાજ આપ્યો, જો કે સામાજિક અને કાનૂની મર્યાદાઓ યથાવત રહી.

16. ઉપસંહાર

મધ્યકાલીન ભારતમાં સ્ત્રીઓની રૂઢિગત તથા કાનૂની સ્થિતિ એકરૂપ, સ્થિર અથવા સંપૂર્ણપણે દયનીય નહોતી. તે સમય, પ્રદેશ, ધર્મ અને વર્ગ અનુસાર બદલાતી રહી. હિંદુ અને મુસ્લિમ બંને સમાજોમાં સ્ત્રીઓને કાનૂની રીતે અમુક અધિકારો પ્રાપ્ત હતા, પરંતુ સામાજિક રૂઢિઓએ આ અધિકારોને મોટા ભાગે અપ્રભાવી બનાવ્યા. ભક્તિ અને સુફી આંદોલનો સ્ત્રીઓ માટે આશાની કિરણ બન્યા, પરંતુ તેઓ સમાજના માળખામાં મૂળભૂત પરિવર્તન લાવી શક્યા નહીં.

આ અભ્યાસ આધુનિક લિંગ સમાનતા ચર્ચા માટે મહત્વપૂર્ણ ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય પૂરો પાડે છે અને દર્શાવે છે કે સ્ત્રીઓની મુક્તિ માત્ર કાયદાથી નહીં, પરંતુ

 ISSN: 2349-6002

સામાજિક માનસિકતા બદલવાથી શક્ય બને છે.

## 17. વિસ્તૃત સંદર્ભ સૂચિ


[1] Altekar, A.S. – The Position of Women in Hindu Civilization
[2] Romila Thapar – Early India
[3] R.S. Sharma – Indian Feudalism
[4] Irfan Habib – Medieval India
[5] K.M. Ashraf – Life and Conditions of the People of Hindustan
[6] Uma Chakravarti – Gendering Caste
[7] Susan Bayly – Caste, Society and Politics in India
[8] Qur'an (Selected Verses on Women & Law)